**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૮૩ ટકા



વિભાગીય નાયબ નિયામક, આરોગ્ય અને તબીબી સેવાઓ, ગાંધીનગર ડૉ. સતીષ મકવાણા દ્વારા શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સુઘડની મુલાકાત લેવામાં આવી હતી. આરોગ્ય કેન્દ્ર ખાતે આપવામાં આવતી વિવિધ સેવાઓ અને યોજનાઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેમજ આરોગ્ય કેન્દ્ર ખાતે સરકારની વિવિધ યોજનાઓની માહિતી પ્રદાન કરતાં પોસ્ટર્સ અને બેનર્સ લગાવેલ હતા જે દર્દીઓ માટે ખૂબ જ લાભદાયક છે. આ આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રધાનમંત્રી આયુષમાન ભારત યોજના અંતર્ગત કરવામાં આવેલ કામગીરી તેમજ સ્માર્ટ રેફરલ સર્વિસ અંગે પણ સમીક્ષા કરવામાં આવી હતી. વધુમાં, સુઘડ આંગણવાડી ખાતે આયોજિત મમતા સેશનની પણ મુલાકાત લેવામાં આવી હતી.

# સ્વચ્છતાના આગ્રહી નિવૃત્ત અધિકારી ભરતભાઈ

## ઘરની આસપાસ પડેલો કચરો વીણીને પેટીમાં નાખી સ્વચ્છતા જાળવવા અંગેની જાગૃતિનો સંદેશ

ગાંધીનગર, તા. ૨૦

નગરને સ્વચ્છ કરવા માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સફાઈ કામદારોની વ્યવસ્થા કરવામાં આવી છે સાથે જ દૈનિક કચરાનો નિકાલ કરવા માટે ઘરે ઘરે કચરાગાડીઓ ફરે છે, તેમ છતાં શહેરમાં કચરાના અને ગંદકીના દશ્યો જોવા મળી રહ્યા છે. ત્યારે સ્વચ્છતા જાળવવા માટે ગાંધીનગરના એક નિવૃત્ત નાગરિકે ખૂબ સુંદર દૃષ્ટાંત કેળવ્યું છે અને લોકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કર્યો છે.

ગાંધીનગરમાં સેક્ટર-૨૧, પ્લોટ નં. ૫૮૧/૧ ખાતે રહેતા ભરતભાઈ એસ. શુકલ સરકારી નોકરીમાંથી નિવૃત થયા છે જેઓ સ્વચ્છતા જાળવવાના આગ્રહી હોવાથી તેઓ જાહેર રસ્તા પર પડેલો કચરો જેવા કે પ્લાસ્ટિકની કોથળીઓ, નાસ્તાના પડીકાના ખાલી પેકેટ, ખાલી બોટલ વગેરેને વીણી લઈને કચરાપેટીમાં નાખી આવે છે. આથી ઘર પાસે અને ઘરની આસપાસમાં સ્વચ્છતા જળવાઈ રહે છે. જો દરેક વ્યક્તિ સ્વયં આ રીતે પોતાના ઘર આસપાસથી કચરો લઈ લે તો પણ શહેરને સ્વચ્છ રાખવામાં સહભાગી થઈ શકાય છે. જો એકાદ દિવસ સફાઈ કામદારો ગેરહાજર રહે અથવા સફાઈ કામદારો હડતાલ પર જતા રહે તેવામાં શહેર આખુ ગંદકીનું ઘર બની જાય છે. શહેરમાં સ્વચ્છતા જાળવવા માટે લોકોએ પણ સ્વયં જાગૃત થઈને પોતાના



ઘરની આસપાસ રહેલી ગંદકીને દૂર કરવાનો પ્રયાસ કરવો જોઈએ. કચરો હંમેશા કચરાપેટીમાંજ નાખવો જોઈએ તેવી ટેવ સૌએ પાડવી જોઈએ જેમ તેમ જાહેર જગ્યાઓ પર કચરો ન ફેંકવો જોઈએ. દરેક જગ્યાની સ્વચ્છતા રાખવી એ માત્ર સફાઈકર્મીઓની જવાબદારી નથી, તે આપણા બધાની જવાબદારી છે. આ માટે આપણે આપણી જગ્યા અને તેની આસપાસની જગ્યા સ્વચ્છ રાખવી જોઈએ. ઘરના કચરા કે એંઠવાડનો ગમે ત્યાં નિકાલ ન કરવો જોઈએ.

ગાંધીનગરમાં રહેતા આ નિવૃત વડીલ સમાજમાં એક જ સંદેશ આપવા માંગે છે કે બાળકોથી લઈ તમામ વયસ્કોએ પોતાની આસપાસ અને ઘરની સ્વચ્છતા પોતે જાળવવી જોઈએ કોઈના પર સ્વચ્છતા માટે નિર્ભર ન બનવુ જોઈએ. આપમેળે જેટલી સ્વચ્છતા જાળવી શકો તેટલી સ્વચ્છતા જાળવવી અને પોતાના બાળકોને પણ સ્વચ્છતા જાળવતા શીખવો. જેથી ભવિષ્યમાં સ્વચ્છતા બાબતે લોકો વધારે જાગૃત દેખાશે.

કોઈપણ બીમારી કે રોગોમાંથી બચવા માટેનો સરળતમ ઉપાય સ્વચ્છ રહેવુ એ જ છે. નીરોગી રહેવાની આધારશીલા જ ચોખ્ખાઈ છે. આપણે સ્વચ્છ હોઈએ, આજુબાજુ બધું જ સ્વચ્છ હોય તો આપણને હંમેશા સદવિચારો આવે છે.

## જન્મદિને વધામણી



જતિન એસ શુક્લ
તંત્રી, પાટનગર ટુડે, ઢળતી સાંજ દૈનિક,
મો. ૯૪૨૭૬ ૧૬૬૦૧



વિજયભાઈ એ સોલંકી
મહામંત્રી, ગાંધીનગર શહેર જિલ્લા કૉંગ્રેસ સમિતિ
મો. ૯૪૨૭૩ ૧૪૩૭૭



ભરતસિંહ પુનમજી ઠાકોર
મો.૭૯૮૪૩ ૩૩૪૮૦



ભાનુબેન ઠક્કર
લાયોનેસ કલબ, ગાંધીનગર



યશ મહેન્દ્રકુમાર ચૌધરી
મો. ૯૨૬૫૧ ૦૮૭૧૩

# પનઘટ કલા કેન્દ્ર દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ





ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરની પ્રતિષ્ઠિત કલા સંસ્થા પનઘટ કલા કેન્દ્ર દ્વારા ગાંધીનગર ખાતે સેકટર ૧૭ માં આવેલ અભિલેખાગાર કચેરીનાં પ્રાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહા, મહામાત્ર ડો. જયેન્દ્રસિંહ જાદવ અને અભિલેખાગાર નિયામકશ્રી શૈલેષ સોલંકીના વરદ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. પનઘટ કલા કેન્દ્રના અધ્યક્ષ ભાવિન પટેલે જણાવ્યું હતું કે ગ્રીન સિટી ગાંધીનગરનું ગ્રીન કવર જળવાઈ રહે તે માટે પનઘટ પ્રયાસ કરી રહ્યું છે. પનઘટ દ્વારા રોપાયેલા છોડ વૃક્ષ બની રહે ત્યાં સુધીની તમામ જવાબદારી પનઘટ કલા કેન્દ્ર લેશે તેમ જણાવવામાં આવ્યું હતું.

**શરમજનક ઘટના સામે ફીટકાર**

# કર્ણાટકમાં જૈન મુનિની હત્યાના વિરોધમાં ગાંધીનગરનો જૈન સમાજ ભારે લાલઘૂમ

ગાંધીનગર, તા.૨૦

કર્ણાટકના બેલગામ જિલ્લામાં જૈન મુનિ કામકુમાર નંદીની નિર્મમ હત્યાના જૈન સમાજમાં વ્યાપક રોષ ભભૂકી ઉઠયો છે. જેનાં પગલે આજે ગણિની આર્થિકા ૧૦૫ શ્રી યશસ્વિની માતાજી સં.સંઘના સાનિધ્યમાં ગાંધીનગરમાં મહાવીર સ્વામી દિગંબર જૈન દ્વારા રેલી અને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા.

જૈન સાધુ-સાધ્વીઓના વિહાર વખતે અને તેમના ચાતુર્માસ વખતે તેમના ઉપર થતા હુમલા અને માર્ગ અકસ્માતના વધી રહેલા બનાવોથી જૈન સમાજમાં આક્રોશ ફેલાયો છે. કર્ણાટકનાં બેલગામમાં જૈન મુનિનું અપહરણ કર્યા બાદ





શરીરના ટુકડા કરીને ઘાતકી હત્યા કરી દેવાતા ખળભળાટ સર્જાયો છે. હત્યારાઓએ હત્યા કર્યા બાદ મૃતદેહના ટુકડા જુદા જુદા સ્થળોએ ફેંકી દીધા હતા. આ બેરહેમીપૂર્વકની હત્યાથી સમગ્ર જૈન સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. આચાર્ય કમકુમાર નંદી મહારાજ છેલ્લા ૧૫ વર્ષથી બેલગાવી જિલ્લાના ચિક્કોડી તાલુકાના હિરેકોડી ગામમાં સ્થિત નંદીપર્વત આશ્રમમાં રહેતા હતા. આચાર્ય કમકુમારાનંદી ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ભીમપ્પા ઉગરેએ જૈન મુનિ ગુમ થયાની ફરિયાદ આપી હતી. ત્યારે પોલીસ તપાસમાં જૈન મુનિના મૃતદેહના ટુકડા કરી કટકાબાવી ગામ પાસે ફેંકી દેવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું હતું. ત્યારે જૈન મુનિની હત્યાના વિરોધમાં ગાંધીનગરમાં જૈન સમુદાય મોટી સંખ્યામાં એકઠો થયો હતો. ગણિની આર્ટિકા ૧૦૫ યશસ્વિની માતાજી સં. સંઘના સાનિધ્યમાં આજે મહાવીર સ્વામી દિગંબર જૈન મંદિર ખાતે રેલી - વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા.

# આરાધના વિદ્યાવિહાર ખાતે યોજાયેલ સાયબર અવેરનેસ પ્રોગ્રામ





ગાંધીનગર, તા. ૨૦

આજના ડિજીટલ યુગમાં બાળકો વિરૂદ્ધ સોશિયલ મીડિયા જેવા માધ્યમો દ્વારા થતી ગુનાખોરી અટકાવવા અને તે અંગે જાગૃતિ કેળવવાના હેતુથી ગાંધીનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ગાંધીનગર રેન્જ સેક્ટર-૨૭ દ્વારા નવતર અભિગમ અપનાવીને શાળાની વિદ્યાર્થિનીઓ સાથે 'સાયબર અવેરનેસ પ્રોગ્રામ' સેમિનાર યોજી સાયબર ક્રાઈમને લગતી મહત્વપૂર્ણ, લાભપ્રદ અને વિગતવાર ઉદાહરણ સાથેની જાણકારી ઈન્ચાર્જ પી.આઈ. પી.એન. ધાંધલિયા દ્વારા આપવામાં આવી હતી. તેમની ટીમના પીએસઆઈ એમ.પી. ચાવડા સાહેબ તથા પીએસઆઈ એચ.એલ. સરવૈયા સાહેબો સાયબર ક્રાઈમ બાબતે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. જેમાં શાળાની ધો. ૯ થી ૧૨ની ૧૫૦ છોકરીઓ સાથે સીધો સંવાદ કરી સાયબર ક્રાઈમ વિશેની તલસ્પર્શી માહિતી સાથે ખાસ કરીને સોશિયલ મિડિયા ફેસબુક, ઈન્સ્ટ્રાગ્રામ, વોટ્સએપ જેવી એપ્લિકેશન થકી થતો ફ્રોડ અને તેનાથી બચવાના ઉપાયોથી વિદ્યાર્થિનીઓને અવગત કરવામાં આવી.

કાર્યક્રમ દરમિયાન આર્થિક ફ્રોડ, સોશિયલ મીડિયામાં ડમી એકાઉન્ટ, અજાણ્યા લોકો સાથે ચેટિંગ, ઓનલાઈન ખરીદી માટેની ઓફર વગેરે બાબતો વિશે વિદ્યાર્થીઓ જાગૃત રહે તેની ટ્રેનિંગ પણ આપવામાં આવી હતી.

# સરકારી વાણિજ્ય કોલેજ સે-૧૫ ખાતે આરોગ્યલક્ષી રકતદાન શિબિર યોજાઈ



ગાંધીનગર, તા.૨૦

સરકારી વાણિજ્ય કોલેજ ગાંધીનગર ખાતે આજ રોજ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત શાખા તેમજ ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લિ. ના સંયુક્ત ઉપક્રમે કોલેજના સી.ડબ્લ્યુ.ડી.સી. શાખા અંતર્ગત કોલેજની વિદ્યાર્થીનીઓ તેમજ મહિલા સ્ટાફ માટે આરોગ્ય લક્ષી બ્લડ ટેસ્ટ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટેસ્ટ કેમ્પ દરમિયાન સમાજમાં સૌથી વધુ મહિલાઓને પડતી આરોગ્ય લક્ષી સમસ્યા અંગે જાગૃતિ કેળવવા અને પ્રશિક્ષણ આપવા માટે પ્રાથમિક જરૂરી પેથોલોજીકલ લેબોરેટરી નો સીબીસી ટેસ્ટ નિઃશુલ્ક કરાવવાનું આયોજન કરેલ હતું. આ ટેસ્ટ કેમ્પ અંતર્ગત કોલેજની વિદ્યાર્થીનીઓએ બહોળા પ્રમાણમાં ભાગ લઈને બ્લડ ટેસ્ટ કરાવી આરોગ્ય લક્ષી પ્રશિક્ષણ મેળવ્યું હતું.

આ ઉપરાંત કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીની તેમજ કોલેજના સફાઈ કામદાર મહિલાઓએ પણ બ્લડ ટેસ્ટ કરાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડૉ. એ. એન. સુતરીયા ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# જીઆઈપીએસમાં પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા 'ઈમેજીસ ડે'ની ઉજવણી



ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ, રાંધેજા માં પ્રિ-પ્રાઈમરી વિભાગમાં તાજેતરમાં 'ઈમેજીસ ડે' ની ઉજવણી કરવામાં આવી હતી.

# શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં કાર્યરત એન.એસ.એસ. વિભાગ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીરૂપ નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. કોલેજના પ્રિ. ડૉ. એમ.એમ. ચૌધરીએ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને આઝાદી કા અમૃત મહોત્સવના પાંચ પ્રકલ્પ વિશે માહિતગાર કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. નિબંધ સ્પર્ધાનું સંકલન ડૉ. લીના સ્વાદિયાએ કર્યુ હતુ. જેમાં કુ. કણઝારિયા સંધ્યા પ્રથમ ક્રમાંકે પસંદ થયા હતા. વક્તૃત્વ સ્પર્ધાનું



સંકલન પ્રા. પુજાબેન ચૌધરીએ કરેલ જેમાં કુ. વર્ષા ચૌધરી તો ચિત્ર સ્પર્ધાનું સંકલન પ્રા. વિનુભાઈ ચૌધરીએ કરેલ હતુ. ચિત્ર સ્પર્ધામાં પ્રિયંકા પટેલ પ્રથમ ક્રમાંકે પસંદ થયા હતા. સમગ્ર કાર્યક્રમનુ સંયોજન એન.એસ.એસ. કન્વીનર ડૉ. તારાબેન દેસાઈએ કર્યુ હતુ. બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# રોટરી કલબ દ્વારા છોટે કિસાન કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૦

રોટરી ક્લબ ગાંધીનગર દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી છોટે કિસાન કાર્યક્રમ ચલાવવામાં આવી રહેલ છે. તેમાં ૬ થી ૧૪ વર્ષ ના બાળકોને વિનામૂલ્ય શાકભાજીના રોપા અને બીજનું વિતરણ કરવામાં આવે છે. આ પ્રોજેક્ટમાં બાળકો ઉત્સાહપૂર્વક ભાગ લે છે. શાકભાજી કેવી રીતે વાવવા ત્યાંથી લઈ ફળ આવે ત્યાં સુધી કાળજી લે છે. આ રીતે ઓર્ગેનિક શાકભાજી ઉગાડી પોતે ખાય છે અને આનંદ મેળવે છે. ચાલુ વર્ષે આ વિતરણ તા. ૩૦મીએ રોટરી ક્લબ, ફિઝિયોથેરાપી સેન્ટર, સેક્ટર-૨૨ ખાતેથી કરવામાં આવશે. જે બાળકોએ ભાગ લેવો હોય તેમણે https://forms.gle/FaRc4kwoHr1CiesDA લીંક પર પોતાનું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે તેમ ડૉ.આર.એ.શેરસિયા પ્રેસિડેન્ટ, અમિત ગોહેલ સેક્રેટરી અને નીતિન પાદરીયા પ્રોજેક્ટ ચેર દ્વારા જણાવાયું છે.

# સેક્ટર-રમાં ધાર્મિક પ્રવચન

ગાંધીનગર, તા.૨૦

તારીખ ૨૪-૭-૨૦૨૩ અધિક શ્રાવણ સુદ છઠ્ઠને સોમવારે બપોરે ૩-૩૦ કલાકે ગુજરાતના સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિરના મહામંડલેશ્વર મહંત દિલીપદાસજી મહારાજ તેમજ ગાંધીનગર પંચદેવ મંદિરનાં ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રી મહારાજ રાજેન્દ્ર પારેખ, પ્લોટ નં -૯૭૧/૧, સેક્ટર નં - -૨સી, સેક્ટર નં.૨/૭ના રોડ પાસે, સેક્ટર નં-૨ સરકારી પ્રાથમિક શાળા પાસે ૩:૩૦કલાકે આશીર્વચન આપવા પધારનાર છે. તો દર્શનનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું હતું.

# સે-૫ ખાતે સમર્પણ ધ્યાનયોગ દ્વારા વિશેષ ધ્યાનયોગ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૨૦

સેકટર ૫ સિનિયર સિટીઝન હોલ ખાતે સમર્પણ ધ્યાનયોગ ગાંધીનગર દ્વારા ઉર્જા પ્રણાલી અને ધ્યાનથી ચિત શુધ્ધિ વિષય પર કાયૅક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ સદરહુ કાયૅક્રમમાં પ્રથમ દિપપ્રાગટય ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિહ બિહોલા તથા સેકટર ૫ ના સિનિયર સિટીઝનો દ્વારા કરવામાં આવ્યું હતું અને સુંદર કાયૅક્રમનુ આયોજન કર્યુ હતું જેમાં ગાંધીનગર શહેરના બુદ્ધિજીવી વગૅના અધિકારીઓ બહેનો અને સેકટર ૫ ના સિનિયર સિટીઝનો મોટી સંખ્યામાં હાજર રહી લાભ લીધો હતો.

# રોટરી ક્લબ ગાંધીનગર ખાતે "અન્ડર સ્ટેન્ડિંગ ધ ઈનર એન્જિનિયરિંગ ફોર હોલીસ્ટિક વેલ બીઈંગ" વિષય ઉપર વર્કશોપ યોજાયો

રોટરી ક્લબ ગાંધીનગર અને લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર તેમજ ગાંધીનગરની અન્ય સંસ્થાઓના સહયોગથી રોટરી ક્લબ ગાંધીનગર ખાતે "અન્ડર સ્ટેન્ડિંગ ધ ઈનર એન્જિનિયરિંગ ફોર હોલીસ્ટિક વેલ બી ઈંગ" એટલે કે સર્વાંગી સુખાકારી માટે આત્મ શુદ્ધિ એ



વિષય પર હાર્ટફુલનેસ ટ્રેનર તરીકે સેવા આપતા વક્તા કેજલ કંસારા એ બધાને ધ્યાન દ્વારા આત્માની અનુભૂતિ કરાવી હતી. ૮૫ થી વધુ લોકો એ લાભ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા ડૉ.આર.એ.શેરસિયા, અમિત ગોહેલ અને અન્ય મિત્રોએ જહેમત ઉઠાવી હતી.